ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૭૨ ટકા

**ગાંધીનગર તાપમાન**

# આજે ભગવાન વિષ્ણુ, સૂર્ય અને શિવજીની પૂજા કરવાની પરંપરા એટલે પુત્રદા એકાદશી





પવિત્ર શ્રાવણ માસમાં ભગવાન ભોળાનાથની ભાવિકો શ્રધ્ધાથી પૂજા અર્ચના કરી રહયા છે ત્યારે આ માસમાં ભગવાન વિષ્ણુને પ્રિય એવી એકાદશી આજે એટલે કે રવિવારે છે. આ દિવસે સવિષેશ ભગવાન વિષ્ણુનું પૂજા કરવાથી વિશેષ ફળ પ્રાપ્ત થાય છે ઉપરાત શ્રાવણ માસ હોવાથી શિવ શંભુની પૂજા તેમજ સુર્ય દેવની પૂજા કરવાથી પણ મનવાંચિત ફળની પ્રાપ્તી થાય છે. પદ્મ પુરાણ અને મહાભારતમાં કરવામાં આવ્યો છે કે શ્રાવણ માસના શુક્લ પક્ષની એકાદશીને પાપનાશિની અને પુત્રદા એકાદશી કહેવામાં આવે છે. એટલે કે જો આ દિવસે ભગવાન વિષ્ણુ અને શ્રી કૃષ્ણની વિશેષ પૂજા કરવામાં આવે તો જાણ્યે-અજાણ્યે કરેલા તમામ પ્રકારના પાપોનો અંત આવે છે અને આ દિવસે શ્રી કૃષ્ણની પૂજા કરવાથી સંતાન પ્રાપ્તિ થાય છે અને સુખ-સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે. એકાદશી તિથિ પર સૂર્યોદય પહેલાં જાગીને સ્નાન કરો અને વ્રતનો સંકલ્પ લો. ત્યારબાદ પીપળના ઝાડ અને તુલસીની પૂજા કરવી જોઈએ. આ પછી મંદિર અથવા ઘરે જઈને શ્રી કૃષ્ણ અથવા ભગવાન વિષ્ણુનો અભિષેક કરવો જોઈએ. દિવસભર ઉપવાસના નિયમોનું પાલન કરો. આ પછી સાંજે તુલસીના છોડ પાસે ઘીનો દીવો પ્રગટાવો અને મંદિરમાં જઈને ભગવાનને પ્રસાદ ચઢાવો. પછી તેને જરૂરિયાતમંદ લોકોને વહેંચો.આ એકાદશી પર ભગવાન વિષ્ણુ સાથે મહાલક્ષ્મીનો અભિષેક કરો. દક્ષિણાવર્તી શંખમાં કેસર મિશ્રિત દૂધ ભરો અને તેનાથી શ્રીકૃષ્ણના બાળ સ્વરૂપનો અભિષેક કરો. ત્યારબાદ તમામ પ્રકારની પૂજા સામગ્રી અર્પણ કરીને પૂજા કરો. શ્રાવણ મહિનાના શુક્લ પક્ષનો રવિવાર હોવાથી આ દિવસે કરવામાં આવતી શિવની પૂજા પાપી છે. એકાદશી તિથિ હોવાથી આ દિવસે ઋષિમુનિઓની પણ પૂજા કરવી જોઈએ. ત્યારબાદ શિવલિંગ પર ચંદન, ભસ્મ, મદારના ફૂલ, બિલ્વપત્ર અને ધતુરા અર્પણ કરવા જોઈએ. સાંજના સમયે શિવ મંદિરમાં તલના તેલનો દીવો પ્રગટાવવો જોઈએ. આમ કરવાથી રોગ, દુઃખ અને દોષનો અંત આવે છે. જે લોકો વ્રત નથી કરી શકતા તેમણે ભગવાન વિષ્ણુ અથવા શ્રી કૃષ્ણના મંદિરમાં જઈને સવાર-સાંજ ઘીનો દીવો કરવો જોઈએ. મોસમી ફળ ભગવાનને અર્પણ કરવા જોઈએ. તુલસીના પાન પણ અર્પણ કરવા જોઈએ. શિવધુન સાથે ઓમ વિષ્ણવે નમઃ મંત્રનો જાપ કરો.

સૂર્ય ભગવાન વિષ્ણુનો અંશ છે, તેથી તેમને સૂર્યનારાયણ પણ કહેવામાં આવે છે. જો શ્રાવણ માસમાં રવિવારે એકાદશીનો સંયોગ હોય તો સૂર્યને આપેલા અર્ઘ્યનું પુણ્ય અને શુભ પ્રભાવ વધુ વધે છે, તેથી એકાદશીના દિવસે ઉગતા સૂર્યને જળ અર્પિત કરો.

જળ ચઢાવતી વખતે ઓમ સૂર્યાય નમઃ મંત્ર બોલો. સૂર્યને અર્ઘ્ય અર્પણ કરવા માટે તાંબાના વાસણનો ઉપયોગ કરવો જોઈએ.

## લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિનાના સહયોગથી આર્ચરી કેમ્પ



ગાંધીનગર, તા.૨૬

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના અને પ્રતિભા એકેડેમી, તથા રંગોલી ઈન્ટરનેશનલ સ્કુલ ના સહયોગથી સાત દિવસીય આર્ચરી ટ્રેનીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આલમપુર સ્થિત રંગોલી સ્કુલ ના ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ આ કેમ્પમાં ભાગ લીધો હતો. પ્રતિભા એકેડેમીના નિયામક શ્રી ગૌરાંગ રાણાના માર્ગદર્શનમાં કુ? અનેરી પટેલે વિદ્યાર્થીનીઓને આર્ચરી વિશે સૈદ્ધાંતિક અને ક્રિયાત્મક પ્રશિક્ષણ આપ્યું હતું.

કાર્યક્રમના સમાપન સમારોહમાં આમંત્રિત મહેમાનો સમક્ષ કેમ્પમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓએ આર્ચરીનું નિદર્શન પણ કર્યું હતું. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને મહાનુભાવોના વરદ હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ફેમિના ક્લબના પ્રમુખ શ્રીમતી ચંદાબેન યાદવ સહિત શાળા પરિવારના ટ્રસ્ટી તથા પ્રિન્સીપાલ શ્રીમતિ અનામિકાબેન અંજારિયા, ફેમિના ક્લબના પૂર્વ પ્રમુખ ડિમ્પલબેન દેસાઈ , સેક્રેટરી ભૂમીબેન જોગાણી, ક્લબના પદાધિકારીઓ મીતલબેન રાણા, મીનાક્ષીબેન જયસિંઘાની, સોનલબેન રાવલ, સંજુબેન ગુપ્તા, શાળાના શિક્ષક ગણ તથા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમના અંતમાં પ્રમુખ શ્રીમતી ચંદાબેન એ શાળા પરિવાર, કાર્યક્રમના સ્પોન્સર શિલ્પાબેન વાણિયા અને ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓનો આભાર માન્યો હતો.

## ચૌધરી કોમર્સ કોલેજ ખાતે ફ્રેશર્સ ૨૦૨૩ કાર્યક્રમ






ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના સે.૭માં ચૌધરી કોમર્સ કોલેજ ખાતે ફ્રેશર્સ ૨૦૨૩ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રથમ વર્ષ બીકોમની વિદ્યાર્થીનીઓ માટે "મિસ ફ્રેશર્સ ૨૦૨૩" સ્પર્ધાનું યોજાઈ હતી. આ સાથે વિવિધ ડાન્સ પર્ફોર્મન્સ પણ દ્વિતીય વર્ષ અને ત્રીતીય વર્ષના વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવ્યાં હતા જેમાં પ્રથમ વર્ષની વિદ્યાર્થીની આયુષી પટેલને નિર્ણાયકો દ્વારા "મિસ ફ્રેશર્સ"નો ખિતાબ આપવામાં આવ્યો હતો. કોલેજની જીએસ બારૈયા હિરલ અને એલઆરવાળા પાયલ તથા અન્ય સિનિયર વિદ્યાર્થીનીઓ દ્વારા કાર્યક્રમનું આયોજન અને સંચાલન કરવામાં આવ્યું હતું.

## આર.એન.પટેલ પ્રાથમિક શાળા ખાતે નિબંધ સ્પર્ધા યોજાઈ





ગાંધીનગર, તા.૨૬

શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા ,સેક્ટર -૨૩ ખાતે ધોરણ ૬ થી ૮ માટે ગુજરાતી નિબંધ સ્પર્ધાનું આયોજન કરેલ હતું. જેનો મોબાઈલના લાભ- ગેરલાભ, વિદ્યાર્થીના જીવનમાં શિક્ષકની મહત્વ વિષય હતો. વિદ્યાર્થીઓએ સંપૂર્ણ તૈયારી કરીને મનગમતો વિષય નક્કી કરી ખૂબ જ સચોટ રીતે નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

## સાયન્સ સિટીમાં સીડબોલ વિસ્તરણ અને વૃક્ષારોપણ






ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટીમાં ઝાયડસ-સીએસઆરના સહયોગથી સીડબોલ વિસ્તરણ અને પ્લાન્ટેશન ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અમદાવાદની ડીફ એન્ડ મ્યૂટ શાળાના ૮૦થી વધુ દિવ્યાંગ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

ઝાયડસ-સીએસઆર અંતર્ગત ઘણા સમયથી વૃક્ષારોપણ માટે સીડબોલનું અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેની શરૂઆત તા.૨૮ ફેબ્રુઆરીથી તા.૪ માર્ચ-૨૦૨૩ દરમિયાન ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટીમાં યોજાયેલા સાયન્સ કાર્નિવલ-૨૦૨૩ વખતે કરવામાં આવી હતી. જેમાં જુદા જુદા વૃક્ષોના ૧૫ હજાર જેટલા સીડબોલ કાર્નિવલમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓએ બનાવ્યા હતા.આ અભિયાન અંતર્ગત છેલ્લા ૪ મહિનામાં અલગ અલગ કાર્યક્રમો દ્વારા ૧.૧૫ લાખ જેટલા સીડબોલ બનાવવામાં આવ્યા છે. ગુજરાતને હરિયાળું બનાવવા માટે રાજ્ય સરકારના વન વિભાગની સાથે મળીને આ અભિયાનને આગળ વધારવામાં આવી રહ્યું છે. તા. ૨૬ ઓગસ્ટના રોજ ગુજરાત સાયન્સ સિટીમાં આયોજિત આ ઈવેન્ટમાં સાયન્સ સિટીના પરિસરમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ દ્વારા ૭ હજાર જેટલા સીડબોલનું વિસ્તરણ અને પ્લાન્ટેશન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર જે.બી. વદર અને જનલર મેનેજર ડો. વ્રજેશ પરીખ, ઝાયડસના પ્રમોટર મેહા પટેલ, ઝાયડસ-ઝજીઈના હેડ ડો. બીનિતા વરદિયા ઉપસ્થિત રહ્યા હતા અને તમામ મહાનુભાવોએ વૃક્ષારોપણ પણ કર્યું હતું. આ ઈવેન્ટમાં સીડ બોલ કઈ રીતે બનાવી શકાય તેનું પ્રેક્ટિકલ ડેમોસ્ટ્રેશન પણ દિવ્યાંગ વિદ્યાર્થીઓ સમક્ષ કરવામાં આવ્યું હતું. જેમાં મૂક બધિર શાળાના ખાસ શિક્ષક દ્વારા સાંકેતિક ભાષામાં વૃક્ષોના મહત્વ વિશે અને ભવિષ્યમાં પર્યાવરણની જાળવણીની મહત્તા વિશે સમજાવવામાં આવ્યું હતું.

## કાનપુર ગામના યુવકો દ્વારા પ્રા. શાળાના બાળકોને તિથિ ભોજન



ગાંધીનગર, તા.૨૬

કાનપુર ના યુવકો દ્વારા પ્રા.શાળા ના બાળકો ને તિથિ ભોજન અપાયું હતું. કાનપુર પ્રા.શાળા ખાતે આજે કાનપુર ના યુવકો દ્વારા દર વર્ષ ની જેમ આ વર્ષે પણ તિથિ ભોજન આપી શાળા ના બાળકો સાથે ભોજન લેવા માં આવ્યું હતુ શાળા આચાર્ય પરેશ ગોસ્વામી દ્વારા દાતાઓ નો આભાર માનવામાં આવ્યો હતો.

## ચિલોડા ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર છાલા દ્વારા નિરામય કેમ્પ

ગાંધીનગર, તા.૨૬

ચિલોડા ગુડા સોસાયટી ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર છાલા તેમજ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ચિલોડા ના સહયોગ દ્વારા ચિલોડાની આ ગુડા સોસાયટી માં નિરામય કેમ્પ ના આયોજન દ્વારા બિન ચેપી રોગ જેવા કે બીપી,ડાયાબિટીસ, ઓરલ કેન્સર કે અન્ય કેન્સરના નિદાન તેમજ જાગરૂકતા માટે ની સુંદર કામગીરી થયેલ જેમાં સોસાયટી ના રહીશો સારી એવી સંખ્યા માં લાભ લીધેલ. સોસાયટી ના આયોજકો દ્વારા સુદ્રઢ આયોજન કરેલ જે થી લાભાર્થી તેમજ આવેલ ટીમ ના સભ્યોને કાર્યક્રમમાં કોઈ અગવડતા ના પડે.



શ્રી ગાયત્રી વિદ્યામંદિર લીહોડા ખાતે પત્રકાર અને ફિલ્મ પ્રોડ્યુસર શ્રી ધ્રુવ શાસ્ત્રીએ વિદ્યાર્થીઓને પ્રિન્ટ મીડિયા અને ડીજીટલ માધ્યમમાં ભાષાના જાણકાર વિદ્યાર્થીઓ માટે કારકિર્દીની તકો તેમજ સાહિત્ય અને સમાજના પરસ્પર સંબંધ, સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાષા- સાહિત્યના જ્ઞાનનુ મહત્વ તેમજ વિવિધ ક્ષેત્રોમાં મીડિયાની ભુમિકા અને ઉત્તરદાયિત્વ વિશે વિદ્યાર્થીઓને રસપ્રદ માહિતી આપી હતી, તેમજ વિવિધ રમતો રમાડી કોમ્યુનિકેશન ગેપથી ઉભા થતી ગેરસમજ અને સમસ્યાઓ વિશે પણ સમજુતી આપી હતી.

## આજે શિવ મહિમ્ન પાઠ

શ્રાવણ માસ નિમિત્તે કલ્પેશ, એ-૨૦૨, સહજાનંદ શ્યામ, વાવોલ કોલવડા રોડ, વાવોલના નિવાસ સ્થાને શિવ મહિમ્ન પાઠનું આયોજન કરાયું છે. જેનો ભાવિક ભક્તોને લાભ લેવા જણાવાયું છે.

સમાચાર પસંદગી માટે
પીઆરબી એક્ટ હેઠળ
જવાબદાર વ્યવસ્થાપક
મયુર જી.પટેલ
ફોન નં. : 23222571,
મો.નં.98797 97884
ઈમેઈલ : Gandhinagar samachar@gmail.com

## જન્મદિને વધામણી



ગણપતભાઈ કે જોષી
બનાસકાંઠા
ગાંધીનગર સમાચાર
મો. ૯૩૭૫૦ ૭૬૦૬૧



ભગદેવ ભટ્ટ



રક્ષિતાબેન ઉપાધ્યાય
લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર ફેમીના
મો.૯૯૨૪૨ ૭૪૯૯૮



સોહમ અમૃત ચૌધરી



ભરતભાઈ દલાભાઈ પરમાર
મો. ૭૦૪૧૫ ૩૧૮૨૭



પર્લ જિગર ત્રિવેદી



કિરપાલસિંહ જગતસિંહ વાઘેલા



મીત પટેલ
મો. ૬૩૫૮૮ ૨૯૦૯૯



મન મકવાણા
મો. ૯૯૭૮૮ ૯૫૩૪૪



કેવલ



લાલો ભરવાડ



ડો.રૂષિ જીતેન પટેલ